# Day to Day Current Affairs

**28.Dec 2015**

## ૧. ગુજરાતી શબ્દકોષ ભગવદગોમંડળ પરના કોપી રાઇટ હટશે :

- ગુજરાત ભાષાના ઉત્કૃષ્ઠ શબ્દકોષ ભગવદગોમંડળના કર્તા ભગવતસિંહના મૃત્યુને 2004માં 60 વર્ષ પૂર્ણ થઇ ગયા બાદ મરણોતર અંતિમ આવૃત્તિના પ્રકાશનને 2015માં 60 વર્ષ પૂર્ણ થઇ ગયા છે.
- અંતિમ આવૃત્તિના પ્રકાશનને 60 વર્ષ પૂર્ણ થતા હવે ભગવદગોમંડળ પર ગોંડલ પાલિકાના એકના જ હકો ન રહેતા તે પબ્લીક ડોમેઇનમાં આવી જશે.
- ઇન્ડિયન કોપીરાઇટ એકટ 1957ની જોગવાઇ મુજબ લેખકની હયાતીમાં પ્રસિધ્ધ થયા હોય તેવા તમામ પ્રકાશનોના કોપીરાઇટ તેના મૃત્યુના 60 વર્ષ સુધી અને મરણોત્તર પ્રકશનના 60 વર્ષ સુધી કોપીરાઇટ રહે છે.
- ભગવતસિંહજીના મૃત્યુ બાદ 1955ના અંતિમ પ્રકાશનને 2015ના અંત સાથે 60 વર્ષ પૂર્ણ થતાં હોવાથી હવે ભગવદ ગોમંડળ પર કોઇના વ્યક્તિગત હક્કો રહેશે નહી.
- મહારાજાનું અવસાન 9 માર્ચ 1944માં થયું હતું પરંતુ સુધારેલી છેલ્લી આવૃત્તિ 1955માં પ્રકાશિત કરાઇ હતી.જેના 60 વર્ષ 2015માં પૂર્ણ થયાં.
- ગોંડલના રાજા ભગવદસિંહજી દ્વારા 26 વર્ષની મહેનત બાદ ગુજરાતી ભાષાનો અતિ ઉમદા શબ્દકોષ ભગવદ ગોમંડળ તૈયાર કરાયો હતો.
- ભગવતસિંહપરથી તેમનું નામ ભગવદગોમંડળ રખાયુ હતું.

## ૨. ગીરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા :

- તાજેતરમાં જૂનાગઢમાં રાજ્યકક્ષાની 31મી ગીરનાર આરોહણ અવરોહણ સ્પાર્ધા યોજાઈ હતી.
- વિજેતા ખેલાડીઓ :
- સિનિયર ભાઈઓમાં 58 મીનીટ અંર 37 સેકન્ડ સાથે ચૌહાણ રાજેશ પ્રથમ ક્રમે રહ્યા હતા.
- સિનિયર બહેનોમાં 41 મીનીટ અને 38 સેકન્ડ સાથે સોલંકી પૂનમ પ્રથમ ક્રમે રહ્યા હતાં.
- જુનિયર ભાઇઓમાં પ્રથમ ક્રમે બારૈયા ભાવેશભાઇ તથા જુનિયર બહેનોમાં પ્રથમ ક્રમે કથિરીયા શ્રાધ્ધાબેન રહ્યા હતાં.

### <u>પ્રશ્નો</u>

૧. તાજેતરમાં ગુજરાતી ભાષાના ક્યાં શબ્દકોષને 60 વર્ષ પૂર્ણ થયા હવે પબ્લીક ડોમેઇનમાં આવી જશે ? ભગવદ ગોમંડળ

૨. ભગવદ ગોમંડળ શબ્દકોષ ક્યાં રાજવીએ તૈયાર કરાવ્યો હતો ? ગોંડલના રાજવી ભગવતસિંહજી

૩. ઇન્ડિયન કોપીરાઇટ 1957 મુજબ લેખકની હયાતીમાં પ્રસિધ્ધ થયા હોય તેવા તમામ પ્રકાશનોના કોપીરાઇટ તેના મૃત્યુના કેટલા વર્ષ સુધી રહે છે ? 60 વર્ષ

૪. તાજેતરમાં જુનાગઢ ખાતે રાજ્યકક્ષાની કેટલામી ગીરનાર આરોહણ સ્પર્ધા યોજાઇ ? 31મી

Vivekanand Academy, Gandhinagar